ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા. ૨૬.૦૩.૨૦૧૯

-----------

**હિંમતનગર ખાતે આયોજીત ભાજપાના વિશાળ "વિજય સંકલ્પ સંમેલન"માં મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ પ્રચંડ વિજયનો વિશ્વાસ વ્યક્ત કર્યો**

-----------

**આગામી લોકસભાની ચૂંટણીઓ આરપારની લડાઇ અને ધર્મયુધ્ધ છે**
**દેશભક્તો અને દેશદ્રોહીઓને પારખવાનો અવસર હવે પાકી ગયો છે - મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણી**

-----------

**દેશ કોના હાથમાં સલામત છે એ આપણે સૌ જાણીએ છીએ : દેશને લૂંટવા ચોરોએ ભેગા થઇ મહાગઠબંધનની રચના કરી છે - શ્રી વિજય રૂપાણી**

-----------

**પ્રધાનમંત્રીશ્રીએ આપેલા સ્વચ્છતા અભિયાન અંતર્ગત સમગ્ર દેશમાંથી કચરો સાફ થઇ રહ્યો છે,**
**તે જ રીતે દેશદ્રોહીઓનો સફાયો કરી દેશમાંથી આતંકવાદ, ભ્રષ્ટાચાર અને ગરીબી નાબૂદ કરીએ**

-----------

**દેશભક્તિનો રંગ ભાજપાની રગેરગમાં છે, જેના થકી સુરાજ્યની લડાઇ લડવા સંકલ્પબદ્ધ બનીએ**

-----------

**કોંગ્રેસ પાકિસ્તાનની ભાષા બોલવા લાગી છે. આતંકવાદને સમર્થ આપવા નીકળેલા લોકો કાન ખોલીને સાંભળી લે કે, અમે તો કફન પહેરીને ફરનારા લોકો છીએ. આતંકવાદને નેસ્તનાબૂદ કરવો એ અમારી પ્રતિબદ્ધતા છે અને રહેશે - શ્રી વિજય રૂપાણી**

-----------

**કોંગ્રેસ ખેડૂતોને ખોટા વાયદાઓ આપી છેતરવાનું બંધ કરે : આગામી ૧૦ વર્ષમાં ૭૨ હજાર કરોડ રૂપિયા ખેડૂતોને સીધા ખાતામાં અપાશે - શ્રી વિજય રૂપાણી**

-----------

**અયોધ્યામાં રામ, યુવાનોને કામ, કિસાનો કો સહી દામ, હટાદો ભ્રષ્ટાચારી બદનામના સુત્રને સાર્થક કરીએ**

-----------

હિંમતનગર ખાતે આયોજીત ભાજપાના વિશાળ "વિજય સંકલ્પ સંમેલન"માં મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ પ્રચંડ વિજયનો વિશ્વાસ વ્યક્ત કરતાં જણાવ્યું હતુ કે, આગામી લોકસભાની ચૂંટણીઓ એ આરપારની લડાઇ છે, એક ધર્મયુધ્ધ છે. દેશ કોના હાથમાં સલામત છે એ આપણે સૌ સારી રીતે જાણીએ છીએ. આપણે તો દેશભક્તિના રંગમાં રંગાયેલા લોકો છીએ એટલે દેશભક્તો અને દેશદ્રોહીઓને પારખવાનો અવસર હવે પાકી ગયો છે ત્યારે ફરીથી 'અબકી બાર મોદી સરકાર'નો સંકલ્પને સાકાર કરવા સૌએ સંકલ્પબદ્ધ બનવું પડશે.

છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતના પનોતાપુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના સુશાસન થકી વિશ્વમાં દરેક ભારતીયનું માથુ ગૌરવ સાથે ઉંચું છે ત્યારે શ્રી નરેન્દ્રભાઇ મોદીને હટાવવા માટે અને દેશને લુંટવા ચોરો ભેગા થયા છે અને મહાગઠબંધન રચીને દેશને ફરીથી ભ્રષ્ટાચારના ખપ્પરમાં હોમી દેવા સક્રિયા બન્યા છે ત્યારે, પ્રધાનમંત્રીશ્રીએ આપેલા સ્વચ્છતા અભિયાન અંતર્ગત સમગ્ર દેશમાંથી કચરો સાફ થઇ રહ્યો છે, તે જ રીતે દેશદ્રોહીઓનો સફાયો કરી દેશમાંથી આતંકવાદ, ભ્રષ્ટાચાર અને ગરીબી નાબૂદ કરીએ. આ આરપારની લડાઇમાં એક ઘા એ કચરા સાથે દેશદ્રોહીઓને પણ હટાવી દઇશું તો જ ભારતમાતા વિશ્વગુરૂ બનશે.

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




શ્રી રૂપાણીએ જણાવ્યુ હતુ કે, કોંગ્રેસે છેલ્લા ૫૦ વર્ષથી દેશમાં રાજ કર્યું અને માત્ર ને માત્ર પરિવારવાદ જ ચલાવ્યો છે. ગાંધી પરિવાર સિવાય કોઈ અન્ય વ્યક્તિ વડાપ્રધાન બને તે ગમતું નહોતું. ચા વેચવાવાળો સામાન્ય માનવી વડાપ્રધાન બન્યો એ કોંગ્રેસને આંખમાં કણાની જેમ ખૂંચે છે. કોંગ્રેસે છેલ્લા ઘણા વર્ષોમાં અનેક કૌભાંડો કર્યા જેમાં મીંડાં ગણવામાં પણ તકલીફ પડે એટલી રકમો થકી હવા, પાતાળ, જમીન તમામ ક્ષેત્રોમાંથી આ જાદુગરોએ દેશને લુંટ્યો છે ત્યારે હવે સમય પાકી ગયો છે. ભારતીય જનતા પાર્ટીનું સુત્ર છે કે, ''અયોધ્યામેં રામ, યુવાનો કો કામ, કિસાનો કો સહી દામ, હટાદો ભ્રષ્ટાચારી બદનામ'' સુત્રને સાર્થક કરવા આપણે સૌ સંકલ્પબદ્ધ બનીને ગજરાતના છવ્વીસે છવ્વીસ કમળ ખીલાવીને દિલ્હી મોકલીને પુન: નરેન્દ્રભાઈ મોદીએ વડાપ્રધાન બનાવી સત્તાના સુત્રો સોંપીએ એ જ આપણી ફરજ છે.

શ્રી રૂપાણી જણાવ્યુ હતુ કે, દેશ જ્યારે નિરાશામાં ડૂબી ગયો હતો, ત્યારે વર્ષ ૨૦૧૪માં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આશા જગાવીને 'અબકી બાર મોદી સરકાર' સુત્ર થકી સત્તા સંભાળીને દેશહિત માટે, ગરીબ, વંચિત, શોષિત અને દલિત માટેની અનેકવિધ યોજનાઓ બનાવીને લાભો પૂરા પાડ્યા છે. તેમણે ઉમેર્યું હતુ કે, નામુમકિનને મુમકિન કરવું એ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ખાસીયત રહી છે એટલે જ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું હતું કે, હું પ્રધાનમંત્રી નહીં પણ પ્રધાનસેવક છું અને સાચા અર્થમાં દેશની જનતાની સેવા કરી છે અને કરતા રહ્યા છે. કોંગ્રેસે તો જૂઠ્ઠા વચનો આપ્યા એની સામે છેલ્લા પાંચ વર્ષમાં અનેક નક્કર સમસ્યાઓ આવી છે. 'આયુષમાન ભારત યોજના' થકી વાર્ષિક રૂપિયા પાંચ લાખ સુધી ગરીબોને મફત સારવાર, પ્રધાનમત્રી આવાસ યોજના હેઠળ ઘર, ઉજ્વલા યોજના હેઠળ ગરીબ મહિલા-માતાઓને ગેસના ચૂલા, ઉજાલા યોજનામાં એલ.ઈ.ડી લાઈટ તથા ખેડૂતોને વાર્ષિક રૂપિયા છ હજાર લેખે સહાય સીધે સીધી તેમના ખાતામાં પણ ભાજપ સરકારે જ જમા કરાવી છે. આગામી ૧૦ વર્ષમાં રૂપિયા ૭૨ હજાર કરોડ ખેડૂતોને અપાશે એટલે કોંગ્રેસ ખેડૂતોને ખોટા વાયદાઓ આપી છેતરવાનું બંધ કરે. ખેડૂતોને વીજળી, પાણી તથા સમયસર ટેકાના ભાવે પાકની ખરીદી પણ કરી છે. ગુજરાતમાં પણ રૂપિયા ૭ હજાર કરોડથી વધુ ટેકાના ભાવે ખરીદી કરી ખેડૂતોને પોષણક્ષમ ભાવો આપ્યા છે.

શ્રી રૂપાણીએ વધુમાં જણાવ્યુ હતુ કે, તાજેતરમાં પુલવામામાં થયેલા આતંકી હુમલામા દેશના શહિદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ આપતાં શ્રી નરેન્દ્રભાઈએ કહ્યું હતું કે, જે આક્રોશ શહિદના પરિવારના હ્રદયમાં તથા દેશની જનતાના હ્રદયમાં છે તે જ આક્રોશ મારા હ્રદયમાં છે, ત્યારે એરસ્ટ્રાઈકથી બદલો લઈ આતંકવાદીઓનો સફાયો કર્યો ત્યારે કોંગ્રેસ બેબાકળી બની ગઈ છે અને પુરાવાઓ માગવા નીકળી છે, કોંગ્રેસ પાકિસ્તાનની ભાષા બોલવા લાગી છે. આતંકવાદને સમર્થ આપવા નીકળેલા લોકો કાન ખોલીને સાંભળી લે કે, અમે તો કફન પહેરીને ફરનારા લોકો છીએ. આતંકવાદને નેસ્તનાબૂદ કરવો એ અમારી પ્રતિબદ્ધતા છે અને રહેશે. અયોધ્યામાં રામ મંદિર પણ અમે જ બનાવીશુ અને કાશ્મીરમાં ૩૭૦ની કલમ પણ અમે જ હટવશું. તે માટે દ્રઢ રાજક્ય ઈચ્છાશક્તિ જોઈએ. તે ભાજપાના પ્રત્યેક કાર્યકરોમાં છે જ, એટલે કોંગ્રેસે અમને સલાહ આપવાની સહેજ પણ જરૂર નથી.

શ્રી રૂપાણીએ અંતમાં જણાવ્યુ હતુ કે, આવનારા સમયમાં મતબેન્કની રાજનીતિ દૂર કરીને ''સૌનો સાથ સૌનો વિકાસ'' મંત્રને ચરિતાર્થ કરી ભારત માતાને જગત જનની બનાવવા માટે આપણે સૌએ સહીયારો પ્રયાસ કરવો પડશે. તેમણે કાર્યકર્તાઓને મેરા બુથ સબસે મજબૂત મંત્રને સાર્થક કરીને ખભે ખભા મીલાવીને કામે લાગી જવા અપીલ કરી હતી.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા. ૨૬.૦૩.૨૦૧૯

-----------

**જે પાર્ટીએ ૫૫ વર્ષ સુધી દેશને લૂંટયો છે, હવામાંથી, પાતાળમાંથી, રમતગમતમાંથી ભ્રષ્ટાચારો કર્યા છે તેવા લોકો હવે દેશના ચોકીદારથી ડરી ગયા છે, ચોરને જ ચોકીદારનો ડર હોય**
**- મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**ભારતમાતા માટે જીવન ખપાવી દઈને દેશ માટે જીવનારા, રાષ્ટ્રભકિત જેમની રગેરગમાં છે એવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી જેવો ચોકીદાર ફરી પ્રધાનમંત્રી ન બને એ માટે ચોર મંડળી તેમને સત્તામાં આવતા રોકવા ભેગી થઇ છે - શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**ભાજપાનો એક-એક કાર્યકર્તા ઘરે-ઘરે જઇને કમળ ખિલવશે જ અને દેશમાં ફરી એકવાર વિકાસની રાજનીતિનો ભવ્ય વિજય થશે - શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**ભારત માતાને પરમવૈભવે બિરાજીત કરવા અને રિપૂદલ વારિણી જેમ શકિતશાળી બનાવવા દેશને સુરક્ષિત હાથોમાં રાખવાનો સંદેશ ઘરે-ઘરે પહોચાડી ફિર એકબાર-મોદી સરકારનો સંકલ્પ સાકાર કરે**
**- શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ જૂનાગઢના વંથલીમાં વિજય સંકલ્પ સંમેલનમાં ભાજપાના લક્ષ્યાવધિ કાર્યકરોને આહવાન કર્યુ કે ભારત માતાને પરમવૈભવે બિરાજીત કરવા અને રિપૂદલ વારિણી જેમ શકિતશાળી બનાવવા દેશને સુરક્ષિત હાથોમાં રાખવાનો સંદેશ ઘરે-ઘરે પહોચાડી ફિર એકબાર-મોદી સરકારનો સંકલ્પ સાકાર કરે.

તેમણે કહ્યું કે, ભારતમાતા માટે જીવન ખપાવી દઈને દેશ માટે જીવનારા, રાષ્ટ્રભકિત જેમની રગેરગમાં છે એવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી જેવો ચોકીદાર ફરી પ્રધાનમંત્રી ન બને એ માટે ચોર મંડળી તેમને સત્તામાં આવતા રોકવા ભેગી થઇ છે. આ અંગે કોંગ્રેસ પર નિશાન તાકતાં શ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું કે, જે ચોર હોય એને જ ચોકીદારની બીક હોય.

કોંગ્રેસે ૫૫ વર્ષ સુધી દેશને ચોર તરીકે લૂંટવામાં કોઇ કસર છોડી નથી. ભ્રષ્ટાચારે માઝા મૂકી દીધી હતી.

કોંગ્રેસીઓએ હવામાંથી, પાતાળમાંથી, રમતમાંથી એમ કોઇ ક્ષેત્ર ભ્રષ્ટાચાર કરવામાં બાકી નથી રાખ્યું તેમના બે નેતાઓ સોનિયાજી અને રાહૂલ આજે પણ જામીન પર છે એ વાતની યાદ અપાવતાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે, જે પક્ષની સરકારોના એક ડઝનથી વધુ મંત્રીઓ કૌભાંડોમાં જેલમાં રહેલા હોય એ પક્ષ હવે સત્તામાં આવવા પ્રજાને ગૂમરાહ કરે છે તે પ્રજાને સમજાઇ ગયું છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, કોંગ્રેસે એક જ પરિવારની ભકિતમાં લીન થઇને દેશના ગરીબ, વંચિત, પીડિત, સામાન્ય માનવીની કોઇ ચિંતા જ કરી નથી. એટલા માટે હવે જ્યારે એક ગરીબ ઘરનો ચા વેચનારો વ્યકિત વડાપ્રધાન બન્યો છે તે ફરીવાર બની જશે તો તેમના બારેય વહાણ ડૂબી જવાની બીકના કારણે પરિવારવાદ વંશવાદની ચિંતા કરનારી કોંગ્રેસ અને મૂલાયમ, શરદ પવાર, મમતા જેવા લોકો ભેગા થયા છે.

..૨..

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




શ્રી વિજયભાઇ રૂપાણીએ કહ્યું કે, કોંગ્રેસનું તો કલ્ચર જ સ્લોગન-નારા આપવાનું છે. નહેરૂજીએ કહ્યું આરામ હરામ હૈ, પછી આવ્યું ઇંદિરાજી આઇ હૈ નઇ રોશની લાઇ હૈ, પછી સ્વચ્છ ઇમેજવાળા નેતા તરીકે રાજીવજીને લાવ્યા પણ ભ્રષ્ટાચારે એવી માઝા મૂકી કે ખૂદ વડાપ્રધાને કહેવું પડેલું કે દિલ્હીથી નીકળતો રૂપિયો ઘસાઇને ૧૫ પૈસા જ લોકો સુધી પહોચે છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, લોકોમાં નિરાશા વ્યાપેલી હતી. ભ્રષ્ટાચાર શિષ્ટાચાર બની ગયેલો હતો એવામાં ૨૦૧૪ની ચૂંટણીમાં નરેન્દ્રભાઇએ નવી આશાનું કિરણ જગાવ્યું. માત્ર ૫ વર્ષના સમયમાં પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ગરીબને મકાન, જનધન યોજનાથી બેન્ક ખાતામાં સીધા જ કોઇ વચેટિયા વગર પૈસા જમા કરાવ્યા. આયુષ્યમાન ભારત જેવી સૌથી મોટી આરોગ્ય યોજનામાં ગરીબમાં ગરીબ વ્યકિતને પાંચ લાખ સુધીની સારવાર વિનામૂલ્યે આપવી શરૂ કરી, ગેસના ચૂલાના ધૂમાડામાંથી મુકિત અપાવી ઉજ્જવલામાં બહેનોને ગેસ આપ્યા.

આવા જનહિતના અનેક કામો કરીને ''નામૂમકીનને મૂમકીન કરનારી'' મોદી સરકાર માટે હવે તો મોદી હૈ તો મૂમકીન હૈ નો ભાવ દરેક દેશવાસીમાં જાગ્યો છે.

શ્રી વિજયભાઇ રૂપાણીએ ઉમેર્યુ કે, આઝાદીનો જંગ સ્વરાજ્ય માટેનો હતો હવે સુરાજ્ય માટે ફરીવાર નરેન્દ્રભાઇના હાથ મજબૂત કરવાના છે. દેશની સુરક્ષા-સલામતિમાટે આતંકવાદ, નકસલવાદ, ભ્રષ્ટાચારના ભોરિંગથી મુકિત આ બધા માટે શ્રી નરેન્દ્રભાઇ જેવા પ્રખર રાષ્ટ્રભકતની દેશને જરૂર છે.

તેમણે કહ્યું કે, કોંગ્રેસના મણિશંકર ઐયર, સામપિત્રોડા જેવા લોકો પાકિસ્તાનની ભાષા બોલે છે અને આપણી સેનાએ કરેલા પરાક્રમથી આતંકવાદીઓનો સફાયો થયો એની સામે સવાલ ઉઠાવે છે. શું પાકિસ્તાનમાં તેમના મામા-કાકાના દિકરા છે એવો વેધક સવાલ મુખ્યમંત્રીએ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટ કહ્યું કે, દેશની એકતા અખંડિતતા, સુરક્ષિતતા અકબંધ રાખવા સજ્જ થવાનો અને મા ભારતીને જગતજનની બનાવવાનો સમય હવે આ ચૂંટણીમાં આવ્યો છે. એકતરફ દેશને તોડનારા લોકો ભેગા છે તો બીજી તરફ દેશ માટે જીવનારા દેશને સર્વોચ્ચ સ્થાને બિરાજીત કરાવનારા નરેન્દ્રભાઇનું નેતૃતવ છે.

આ ચૂંટણીઓમાં ભાજપા અને નરેન્દ્રભાઇનો વિજય થશે જ એવો વિશ્વાસ દર્શાવતાં મુખ્યમંત્રીએ કહ્યું કે પાકિસ્તાનમાં ચૂંટણીના પરિણામો પછી માતમ હશે.

તેમણે ભાજપામાં નવા જોડાયેલા હજારો કાર્યકર્તાઓને આવકારતાં સૌને પ્રેરણાદાયી આહવાન કર્યુ કે મા ભારતીની પોકાર છે-રાઇટ ટાઇમ ફોર રાઇટ જોબનો સમય છે એટલે ભાજપાનો એક-એક કાર્યકર્તા ઘરે-ઘરે જઇને કમળ ખિલવશે જ અને દેશમાં ફરી એકવાર વિકાસની રાજનીતિ સ્થપાશે. પરિવારવાદની પાર્ટીઓની કોઇ કારી ફાવશે નહિ જ.

રાજ્ય સરકારના મંત્રી જવાહરભાઇ ચાવડાએ પણ સૌ કાર્યકરોને બમણાં-સવાયા વેગથી લોકસભા ચૂંટણીમાં ભાજપાની જીત માટે લાગી જવા અનુરોધ કર્યો હતો.

તેમણે સૌના સાથે સૌના વિકાસના મંત્રથી ગરીબ, સામાન્ય માનવી સુધી વિકાસ પહોચ્યો છે તેને વધુ સંગીન બનાવવા ભાજપાના સમર્થનમાં આગળ આવવા અપિલ કરી હતી.

પોરબંદરના ધારાસભ્ય શ્રી બાબુભાઇ બોખીરીયા સહિત ભાજપા અગ્રણીઓ પદાધિકારીઓ અને વિશાળ સંખ્યામાં કાર્યકર્તાઓ આ વિજય સંકલ્પ સંમેલનમાં જોડાયા હતા.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૩ તા. ૨૬.૦૩.૨૦૧૯

-----------

**આવતીકાલે ભાજપાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને લોકસભા ચૂંટણી પ્રભારી શ્રી ઓમજી માથુર, પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઇ વાઘાણી તથા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીની ઉપસ્થિતિમાં ભાજપા મીડિયા વિભાગનો વર્કશોપ યોજાશે**

-----------

**સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયા સહિત મહાનુભાવો ઉપસ્થિત રહીને માર્ગદર્શન આપશે**

-----------

ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, બુધવારે ૨૭ માર્ચ, ૨૦૧૯ના રોજ **"શ્રી કમલમ્"** કોબા, ગાંધીનગર ખાતે સમગ્ર ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગની બૃહદ સંકલન બેઠકનું આયોજન કરેલ છે. આગામી ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીઓને અનુલક્ષીને ભાજપાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને લોકસભા ચૂંટણી પ્રભારી શ્રી ઓમજી માથુર, પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઇ વાઘાણી, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયા સહિત મહાનુભાવો ઉપસ્થિત રહીને માર્ગદર્શન આપશે.

પ્રદેશ મીડિયા વિભાગના અપેક્ષિત સભ્યશ્રીઓ, ડિબેટ ટીમના સભ્યશ્રીઓ, લોકસભા ક્ષેત્રના મીડિયા ઇન્ચાર્જ તથા સહઇન્ચાર્જશ્રીઓ, જીલ્લા / મહાનગરના કન્વીનર / સહકન્વીનશ્રીઓ સહિત જવાબદાર કાર્યકરો ઉપસ્થિત રહીને માર્ગદર્શન મેળવશે.

**(પ્રશાંત વાળા)**
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ